<u>પંચાયત સેવા વર્ગ-૩ માં પસંદગી પામેલ ઉમેદવારોને નિમણુંકપત્ર એનાયત કાર્યક્રમ</u>

<u>તારીખઃ- ૨૯-૧૦-૨૦૨૨ સમયઃ-૯-૦૦ કલાક</u>

<u>સ્થળઃ- મહાત્મા મંદિર (મુખ્ય કન્વેન્શન હોલ), સેકટર-૧૩,ગાંધીનગર</u>

## *<u>ઉમેદવારો માટેની સુચનાઓ</u>*

(૧) પંચાયત સેવા વર્ગ-૩ના જુદા જુદા સંવર્ગોમાં સીધી ભરતીથી નિમણુંક મેળવનાર ઉમેદવારોને માન.મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે નિમણુંકપત્ર આપવાનો કાર્યક્રમ તા.૨૯-૧૦-૨૦૨૨ના રોજ મહાત્મા મંદિર, મુખ્ય કન્વેન્શન હોલ, સેકટર-૧૩, ગાંધીનગર ખાતે સવારે ૯-૦૦ કલાકે યોજવામાં આવનાર છે. જેમાં SC/ST/SEBC કેટેગરીના ઉમેદવારો પૈકી જેમના **જાતિ પ્રમાણપત્ર વેરીફાઇ થયેલ હોય તેવા SC/ST/SEBC કેટેગરીના ઉમેદવારો તથા General અને EWS કેટેગરીના તમામ ઉમેદવારોને નિમણૂકપત્ર આપવામાં આવનાર હોઇ, તેવા ઉપરોકત ઉમેદવારોએ કાર્યક્રમમાં રૂબરૂ હાજર રહી નિમણૂકપત્ર અસલમાં મેળવી લેવાના રહે છે.**

(૨) કાર્યક્રમનું સ્થળ- મહાત્મા મંદિર(મુખ્ય કન્વેન્શન હોલ), સેકટર-૧૩, ગાંધીનગર ખાતે સવારે ૯-૦૦ કલાકે દરેક ઉમેદવારે સમયસર અચુક હાજર રહેવું.

(૩) કાર્યક્રમના સ્થળે (મહાત્મા મંદિર) ના **<u>ગેટ નં.૭ (સાત)</u>**થી ઉમેદવારોએ પ્રવેશ મેળવવો અને ત્યારબાદ **<u>મહાત્મા મંદિર મુખ્ય કન્વેન્શન હોલ માં</u>** બેસવાનું રહેશે.

(૪) ઉમેદવારોએ તેમની સાથે જિલ્લા પંચાયતના ઇમેઇલ(ઉમેદવારોને કાર્યક્રમની જાણ કર્યા અંગેના ઇમેઇલ) ની પ્રિન્ટ આઉટ તથા પોતાના આધારકાર્ડ/પાનકાર્ડ સાથે લાવવાનું રહેશે. અન્ય કોઇ આધાર પુરાવા કે અસલ દસ્તાવેજો સાથે લાવવાના રહેશે નહીં.

(૫) આ સાથે સામેલ ઉમેદવાર માટેની સુચનાઓ **<u>"Do's and Don'ts" તથા પાર્કિંગ વ્યવસ્થા વિગેરેની</u>** સૂચનાઓ સામેલ છે, જે ધ્યાને લઇ , તેનું ચુસ્ત અનુસરણ કરવા તમામ ઉમેદવારોને વિનંતી છે.

## <u>ઉમેદવારો માટેના Do's & Don'ts</u>

### <u>Do's</u>

1. તા.૨૯-૧૦-૨૦૨૨ ના રોજ સવારે ૯-૦૦ કલાકે મહાત્મા મંદિર,ગાંધીનગર ખાતે અચુક પહોચી જવુ. ઉમેદવારે સ્વખર્ચે આવવાનું રહેશે.
2. ઉમેદવારે સુયોગ્ય પોષાક પહેરી આવવું.મહાત્મા મંદિર (મુખ્ય કન્વેન્શન હોલ)માં માત્ર ઉમેદવારને જ પ્રવેશ મળશે.
3. કાર્યક્રમની ગરીમા જળવાય તે રીતે ઉમેદવારે પોતાનું સ્થાન શરુઆતથી અંત સુધી જાળવી રાખવુ અને કાર્યક્રમમાં આપવામાં આવતી સુચનાને અનુસરવું.

4. મુખ્ય સ્ટેજનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ  માન.મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મંચસ્થ મહાનુભાવો વિદાય લે ત્યા સુધી ઉમેદવારોએ પોતાની બેઠક વ્યવસ્થા ઉપર પોતાનું સ્થાન જાળવી રાખવું. અને ત્યારબાદ કાર્યક્રમમાં આપવામાં આવતી સુચનાને અનુસરવું.
5. કાર્યક્રમમાં સંપૂર્ણ શાંતિ જાળવવી.
6. GENERAL અને EWS કેટેગરીના ઉમેદવારો તથા SC/ST/SEBC  કેટેગરીના ઉમેદવારો જેઓના જાતિ પ્રમાણપત્રોનું વેરીફીકેશન  થઇ ગયેલ હોય તેવા જ ઉમેદવારોએ ઉપરોકત કાર્યક્રમમાં નિમણુંકપત્ર મેળવવા માટે હાજર રહેવું.

## Don'ts

1. ઉમેદવારે પોતાના અસલ પ્રમાણપત્રો સાથે લાવવાના રહેશે નહી.
2. મહાત્માં મંદિરના મુખ્ય કન્વેન્શન હોલમાં વાલીને પ્રવેશ મળશે નહી.(માત્ર દિવ્યાંગ ઉમેદવારની સાથે સાથી તરીકે માત્ર ૧ વાલી અથવા મદદનીશ સાથે આવી શકશે.)
3. કાર્યક્રમને છાજે નહિ તેવા પોષાક પહેરવા નહી.
4. કાર્યક્રમમાં અશિસ્ત વર્તન કરવુ નહી.
5. પીવાના પાણીની બોટલ કે અન્ય ખાધપદાર્થો મુખ્ય કન્વેન્શન હોલમાં લાવવાના રહેશે નહી. (કાર્યક્રમ બાદ અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.)

પાર્કિંગની વ્યવસ્થા

| ક્રમ | ફાળવેલ જિલ્લાનું નામ | પાર્કિંગ પ્લોટનું સ્થળ (નકશો પાછળ છે.) |
|---|---|---|
| ૧ | અમદાવાદ, અમરેલી, અરવલ્લી, આણંદ, કચ્છ, ખેડા, ગાંધીનગર, ગીર સોમનાથ, છોટાઉદેપુર, જામનગર,જુનાગઢ, ડાંગ, તાપી, દાહોદ, દેવભુમિ દ્વારકા, નર્મદા, નવસારી, પંચમહાલ, પાટણ, પોરબંદર | SAI (Sports Authority of India Parking Plot)<br>SAI- સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઇન્ડિયા પાર્કિંગ પ્લોટ (મહાત્મા મંદિર પાસે) |
| ૨ | બનાસકાંઠા, બોટાદ, ભરુચ, ભાવનગર, મહીસાગર, મહેસાણા, મોરબી, રાજકોટ, વડોદરા, વલસાડ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર | દાંડી કુટીર, પાર્કિંગ પ્લોટ<br>(મહાત્મા મંદિરની સામે ) |

પાર્કિંગ વ્યવસ્થા માટેનો નકશો

